# જીસીઈઆરટી,ગાંધીનગર
# દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત નિવાસ વ્યવસ્થા, ચા,નાસ્તો અને ભોજન એક જ સ્થળે પૂરા પાડવા અંગેનું ટેન્ડર ફોર્મ

ક્રમાંક :
ટેન્ડર ફી : રૂા. ૧૫૦૦/- (આ ફી નોન રીફંડેબલ રહેશે.)
તારીખ :
અધિકૃત અધિકારીની સહી

નિવાસ વ્યવસ્થાના ભાવ

| ક્રમ | વિગત | દૈનિક ભાડું |
|---|---|---|
| ૧ | દરરોજ અંદાજે પચાસથી સો લોકોના નિવાસની વ્યવસ્થા પૂરી પાડવાનું દૈનિક ભાડું. (નિવાસ વ્યવસ્થા પસંદ કરવામાં આવેલી શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ કરવાની થશે) | |

નાસ્તા અને ભોજન વ્યવસ્થાના ભાવ

| ક્રમ | વિગત | વ્યકિતદીઠ ભાવ |
|---|---|---|
| ૧ | ચા નાસ્તો<br>ચા/કોફી/દૂધ અંદાજે ૧૦૦ મિલી<br>ગરમ નાસ્તો (જેવો કે, ગોટા, બટેટાવડા, ફૂલવડી, ગાંઠીયા, થેપલાં સાથે ચટણી, મરચાં, ડુંગળી કે સંભારો)(સવારના સમયે) | |
| ૨ | બપોરનું ભોજન<br>મિષ્ટાન્ન, ફરસાણ,રોટલી, શાક, કઠોળ, દાળ, ભાત, કચુંબર, છાશ વગેરે | |
| ૩ | રાત્રિનું ભોજન<br>ભાખરી, શાક, ખીચડી, કઢી, કચુંબર વગેરે | |
| ૪ | બાયસેગ ખાતે કાર્યક્રમ દરમિયાન શિક્ષકો અને બાળકોને બિસ્કીટ વ્યકિતદીઠ અંદાજે ૮૦ ગ્રામનું બ્રાન્ડેડ કંપનીનું બિસ્કીટનું પેકેટ આપવાનું રહેશે. | |
| કુલ (વ્યકિતદીઠ આખા દિવસનો કુલ ભાવ) | | |
| ૫ | ચા અથવા કોફી અંદાજે ૧૦૦ મિગ્રા<br>એક કપનો ભાવ (બાયસેગ સ્ટુડિયો ખાતે બપોરના સમયે) | |

(૧) આથી પ્રમાણિત કરું છું કે અમારી પાસે ટેન્ડરની શરતો મુજબ નિવાસ વ્યવસ્થા પૂરી પાડવાની પૂરી ક્ષમતા છે. આ ટેન્ડરમાં ભરેલા ભાવો મુજબ સમગ્ર વર્ષ દરમિયાન વ્યવસ્થા આપવાની અમારી તૈયારી છે. ટેન્ડર ફોર્મની સાથે ચેક લીસ્ટ સામેલ છે. જેની ચકાસણી જીસીઈઆરટી દ્વારા અધિકૃત કરાયેલ વ્યકિતઓ કરી શકશે, જો વ્યવસ્થા બરાબર ન હોય તો અમારું ટેન્ડર ફોર્મ ખોલ્યા સિવાય અસ્વીકાર થવાને પાત્ર થશે, અથવા ઓછન ભાવ હોવા છતાં સ્વીકાર થશે નહીં, જે અમને મંજૂર છે.
(૨) આથી પ્રમાણિત કરું છું કે અમારી પાસે ટેન્ડરની શરતો મુજબ ચા નાસ્તો તેમજ ભોજન પુરુ પાડવાની પૂરી ક્ષમતા છે. આ ટેન્ડરમાં ભરેલા ભાવો મુજબ સમગ્ર વર્ષ દરમિયાન વ્યવસ્થા આપવાની અમારી તૈયારી છે.
ઈએમડી ની વિગત
બેંકનું નામ :
ડીપોઝીટ રસીદ નંબર અને તારીખ
(જાહેરાતની તારીખ કે તેની બાદમાં મેળવેલ રસીદ જ માન્ય રહેશે.)

ટેન્ડર ભરનાર વ્યકિત કે સંસ્થા/કંપનીનું નામ
અધિકૃત વ્યકિતનું નામ અને સહી સિકકા

# જીસીઈઆરટી,ગાંધીનગર

## દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમમાં આવનાર શિક્ષકો, તજ્જ્ઞો અને વિદ્યાર્થીઓ માટે નિવાસ અને ભોજન વ્યવસ્થા અંગેની શરતો

### સામાન્ય શરતો

1. જુલાઈ ૨૦૧૭ થી શૈક્ષણિક વર્ષ દરમિયાન દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમમાં આવનાર વ્યકિતઓ માટે પ્રતિદિન અંદાજે ૫૦ થી ૧૦૦ જેટલા લોકો માટે નિવાસ, નાસ્તા તેમજ ભોજનની વ્યવસ્થા એક જ સ્થળે આપવાની રહેશે.
2. આ ટેન્ડર વિવિધ કચેરીઓ કે સંસ્થાઓમાં કેટરીગ સર્વીસ પૂરી પાડવા માટે જરૂરી નોંધણી ધરાવનાર સંસ્થા કે વ્યકિત જ ભરી શકશે. આ માટેના પૂરાવા નોંધણી પ્રમાણપત્ર તેમજ છેલ્લા વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલો ટેન્ડરની સાથે બીડવાની રહેશે. અનુભવના પ્રમાણપત્રોની નકલો પણસામેલ રાખવાની રહેશે. આ દસ્તાવેજોની યથાર્થતા અંગે ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર સોંગદનામું રજૂ કરવાનું રહેશે.
3. ટેન્ડર ફોર્મ nprocure.com પર તા. –/–/૧૭થી તા. –/–/૧૭ દરમિયાન ઓન લાઈન ભરવાના રહેશે. ટેન્ડર ફી રૂા.૧૫૦૦/– રહેશે. જે ફી ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધીમાં જમા કરાવવાના દસ્તાવેજો સાથે રૂા.૧૫૦૦નો ડ્રાફટ 'નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર'ના નામનો ગાંધીનગર ખાતે ચૂકવવા પાત્ર હોય તેવો અને ટેન્ડરની જાહેરાત પછીની તારીખનો જોડવાનો રહેશે. ટેન્ડર ફી કોઈ સંજોગોમાં પરત મળશે નહીં.
4. ટેન્ડરની સાથે રૂા. ૭૫૦૦૦/– ઈએમડી/સીકયોરીટી ડીપોઝીટ તરીકે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના 'નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર'ના નામે ચેક કે ડ્રાફટ ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધીમાં જમા કરાવવાનો રહેશે. (જેનું ટેન્ડર મંજૂર થાય તે પાર્ટીએ કામની અંદાજિત રકમના પાંચ ટકા રકમ ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે, જેમાં આ રકમ મજરે આપવામાં આવશે.)
5. ઓનલાઈન ટેન્ડર ભર્યા બાદ જરૂરી તમામ વિગતો સાથેના દસ્તાવેજો તા. –/–/૧૭ ના સાંજે ૬–૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે 'જીસીઈઆરટી, વિદ્યાભવન, સેકટર–૧૨, ગાંધીનગર'ના સરનામે મોકલવાના રહેશે. આ દસ્તાવેજો જમા કરાવ્યા નહી હોય તેવાં ટેન્ડર અસ્વીકૃત થશે.
6. નિવાસ અને ભોજન વ્યવસ્થા એક જ સ્થળે આપવાની રહેશે. આ માટે અલગ અલગ ટેન્ડર ભરવાના રહેશે નહીં. અથવા કોઈ એક જ વ્યવસ્થા આપવા બાબતનું ટેન્ડર પણ ભરી શકાશે નહીં.
7. ટેન્ડરની સાથે જમા કરાવવાના દસ્તાવેજોની વિગત બોલપેનથી જ ભરવાની રહેશે. ચેકચાક હશે તો તે ટેન્ડર રદ કરવામાં આવશે.
8. ટેન્ડરની કોઈ શરતોમાં ફેરફાર કરી શકાશે નહીં. ડાઉન લોડ કરેલા ટેન્ડરની શરતોના દરેક પાને કેટરરે સહીઓ કરવાની રહેશે. ટેન્ડર ભરનારે કોઈ શરતો રાખવાની નથી. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

### નિવાસ વ્યવસ્થા બાબતની શરતો

1. નિવાસ વ્યવસ્થા ગાંધીનગર શહેરી વિસ્તાર (સેકટર ૧થી ૩૦ નો વિસ્તાર) અથવા તે સેકટર ૧થી ૩૦ ની હદથી પાંચ કિલોમીટરની અંદરના વિસ્તારમાં હોવું જોઈશે. દૂરના વિસ્તારને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં. નિવાસ વ્યવસ્થા દુકાન, ગોડાઉન જેવા બીન નિવાસીય હેતુ માટે કરવામાં આવેલ બાંધકામમાં આપી શકાશે નહીં.
2. નિવાસ અંગે ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ સુવિધા આપવાની રહેશે.
3. અંદાજિત દસ વ્યકિતઓ માટે એક રૂમ હોવો જોઈએ. દરેક રૂમ પૂરતા હવા ઉજાસવાળો હોવો જોઈશે. જો રૂમ નાના હોય તો તે રૂમમાં ઓછી સંખ્યામાં વ્યકિતઓને રાખવાના રહેશે. અત્રેના સુપરવીઝન કરનાર કર્મચારી કે કમિટીને રૂમ નાના લાગશે તો તેવા ઓરડાઓમાં ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ કે શિક્ષકોને રાખવા સૂચન કરી શકશે. જેનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.
4. દરેકને પાથરવા માટે પલંગ,ગાદલુ, ઓશીકું અને ચાદર આપવાની રહેશે. ઉપરાંત ઋતુ અનુસાર ઓઢવાનું આપવાનું રહેશે. ઓછામાં ઓછા ૫× ૨ ચો.ફૂટના માપનો પલંગ સ્વતંત્ર આપવાનો છે. પલંગ પાથર્યા બાદ વિદ્યાર્થીઓને હરવા ફરવાની પૂરતી મોકળાશ હોવી જોઈએ.
5. રહેવાના ઓરડાઓની નિયમિત સફાઈ કરવાની રહેશે. તેમજ પોતુ કરવાનું રહેશે. દરેક રૂમ આરોગ્યપ્રદ સ્થિતિમાં રાખવાનો રહેશે.
6. પાથરવા તેમજ ઓઢવાની ચાદરો, ઓશીકાનાં કવર અને ધાબળાઓ સ્વચ્છ રાખવાના રહેશે.
7. અંદાજિત દસ વ્યકિતઓ દીઠ સંડાસ અને બાથરૂમની વ્યવસ્થા હોવી જોઈશે. તેની પણ નિયમિત સફાઈ કરવાની રહેશે.
8. રહેવાની દરેક રૂમમાં તેમજ બહારની જગ્યાએ પ્રકાશની પૂરતી જોગવાઈ કરવાની રહેશે.
9. નિવાસની સાથે તમામ માટે રસોઈ થઈ શકે તેવો કેન્ટીન રૂમ અને બધા ભોજન લઈ શકે તેટલી મોકળાશવાળો ભોજન ખંડ આપવાનો રહેશે.
10. રહેનાર તમામ માટે પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.
11. દરેકને સ્નાન અને નિત્યકર્મ માટે પૂરતા પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.
12. નિવાસની તમામ વ્યવસ્થાનું અવારનવાર નિરીક્ષણ કરવામાં આવશે. આ દરમિયાન કોઈ અપૂર્ણતા જોવા મળે તો તરત જ પૂર્તતા કરવાની રહેશે.
13. દરેક રૂમમાં મચ્છરોને દૂર કરવા તે માટેની અગરબત્તી અથવા મેટ જેવાં સાધનો રાખવાનાં રહેશે.

14. નિવાસની જગ્યામાં આગ કે અન્ય આકસ્મિક ઘટનાઓ ન બને એની તકેદારી રાખવાની રહેશે. અને અગ્નિશામક સાધનો રાખવાનાં રહેશે.
15. નિવાસ વ્યવસ્થામાં જરૂરી સુવિધા પૂરી પાડવામાં કોન્ટ્રાકટ લેનાર સંસ્થા કે વ્યકિત નિષ્ફળ જશે તો તેની વ્યવસ્થા હાજર રહેલા કર્મચારીઓ કરશે અને તે માટે થયેલ ખર્ચ આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. અથવા તે ભાડામાંથી કપાત કરવામાં આવશે.
16. શરતોના પાલનમાં ચૂક કરવામાં આવશે, સોંપાયેલ કામગીરીનો અસ્વીકાર કરવામાં આવશે કે બેદરકારી જોવા મળશે તો કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કરારનો અંત લાવવાનો જીસીઈઆરટીને અધિકાર રહેશે. તેમજ સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
17. નિવાસ વ્યવસ્થાનું દૈનિક ધોરણે ગણતરી કરતાં થયેલું ભાડું માસિક ધોરણે આપવામાં આવશે, જે માસમાં સદર વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય તે માસનું ભાડું આપવામાં આવશે નહી. કોઈ માસમાં પૂરા માસ માટે નિવાસ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય તો જેટલા દિવસ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોય તેટલા દિવસ માટેનું જ ભાડું ચૂકવવામાં આવશે. સરકારી ધારાધોરણ મુજબ ટીડીએસની કપાત થયા બાદનું જ ભાડું મળી શકશે.દર માસે બીલ રજૂ કરવાની જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. તેમના દ્વારા બીલ રજૂ થયા બાદ જ ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વિલંબિત ચૂકવણી માટે કોઈ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.
18. ટેન્ડરની સાથે નિયત ચેકલીસ્ટ સામેલ રાખવાનું છે. આ ચેકલીસ્ટ અલગ કવરમાં આપવાનું રહેશે. જો નિયામકશ્રી,જીસીઈઆરટીને ચેકલીસ્ટ મુજબ ચકાસણી કરવાનું જરૂરી લાગશે તો તેમના દ્વારા સૂચવાયેલ ટીમ સ્થળોની રૂબરૂ મુલાકાત કરશે અને તમામ સવલતોની ચકાસણી કરશે, તેઓને આ વ્યવસ્થા બરાબર નથી તેવું જણાશે તો ટેન્ડરનો ગમે ભાવ હશે તો પણ સ્વીકાર કરવામાં આવશે નહી.

**ભોજન અને ચા નાસ્તા માટેની શરતો**

1. કાર્યક્રમમાં આવનાર બાળકો અને શિક્ષકોને આપવામાં આવેલ સમય મુજબ ગુણવત્તાવાળું અને ગરમ ભોજન મળી રહે તે જોવાનું રહેશે.
2. સવારના ગરમ નાસ્તો તેમજ ચા કોફી અથવા દૂધ આપવાનું રહેશે. ચા, કોફી કે દૂધ વ્યકિતદીઠ અંદાજે ૧૦૦ મિ.લી.આપવાની રહેશે. ચા તેમજ કોફીમાં પૂરતા પ્રમાણમાં દૂધનો ઉપયોગ કરવાનો રહેશે.
3. બપોરના જમવામાં મિષ્ટાન્ન, ફરસાણ,રોટલી, શાક, કઠોળ, દાળ, ભાત, કચૂંબર અને છાશ આપવાની રહેશે.મિષ્ટાન્ન અને ફરસાણ રોજેરોજ બદલવાના રહેશે.પ્રોજેકટ ઓફીસરની પૂર્વમંજૂરીથી આ સિવાયની વાનગીઓ આપી શકાશે.
4. રાત્રિના જમવામાં રોટલી અથવા ભાખરી, શાક, ખીચડી, કઢી, કચૂંબર આપવાના રહેશે. પ્રોજેકટ અધિકારીની મંજૂરીથી રાત્રિભોજનમાં આ સિવાયની વાનગીઓ આપી શકાશે.
5. જમવાનું બનાવવાના સ્થળની સફાઈ અંગે યોગ્ય કાળજી લેવાની રહેશે. નિરીક્ષણ કરનાર કર્મચારીને રસોઈના સ્થળની સફાઈ બાબતે સંતોષ થવો જોઈએ.
6. રસોઈ બનાવનાર રસોઈયા અને મદદનીશોએ તેમજ પીરસનારાઓએ કામગીરી દરમિયાન સ્વચ્છ કપડાં પહેરેલા જોઈશે. માથાના વાળ ખુલ્લા રાખીને તેઓ રસોડામાં પ્રવેશ ન કરે તેની તકેદારી રાખવાની રહેશે. સરકારશ્રીના નિયમો મુજબનાં કપડાં એપરલ ધારણ કરેલા હોવા જોઈશે.રસોઈના કામકાજ દરમિયાન પગમાં પહેરવાનાં સ્લીપર વગેરે અલાયદાં રાખવાનાં રહેશે.
7. રસોઈ માટેનાં વાસણો સ્વચ્છ રાખવાનાં રહેશે. તેની યોગ્ય રીતે સફાઈ થયેલી હોવી જોઈશે.
8. જમવા માટે દરેકને થાળી, વાડકી, ચમચી આપવાની રહેશે. આ વાસણોની કાળજીપૂર્વક સફાઈ કરવાની રહેશે. જમવા માટે ઉપયોગમાં લેતી વખતે પેપર નેપકીન કે સ્વચ્છ કપડાથી લૂછવાની સુવિધા આપવાની રહેશે. વાસણોમાં ચીકણાશ ન રહે તે જોવાનું રહેશે.
9. રસોડા અને જમવાના સ્થળની સફાઈની જવાબદારી કોન્ટ્રાકટની રહેશે. નાસ્તો તેમજ જમવાનું પૂરું થયા બાદ તરત જ તે સ્થળોની સફાઈ કરાવવાની રહેશે.
10. જમવા બેસવા માટે આસનપટ્ટા અથવા ખુરશી ટેબલ કોન્ટ્રાકટરે આપવાના રહેશે. અને તેની સફાઈની કાળજી લેવાની રહેશે. પીરસવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
11. રસોઈમાં વાપરવાનાં અનાજ, કઠોળ, શાકભાજી અને મસાલા સાથેની સામગ્રી યોગ્ય ગુણવત્તાવાળી અને નિયત માપદંડો ધરાવતી હોવી જોઈએ. આ તમામની સફાઈ અંગે ધ્યાન આપવાનું રહેશે. તેમજ ભાત કઠોળ શાકભાજી જેવા પદાર્થો સ્વચ્છ પાણીથી ધોવાના રહેશે. તૈયાર થયેલી રસોઈમાં કાંકરા કે કોઈ પ્રકારનાં જીવજંતુ જોવા મળશે તો તે રસોઈનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.
12. રસોઈ બનાવવાના અને જમવાના સ્થળ અલગ અલગ હશે તો તે જગ્યાએ રસોઈ પહોંચાડવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. એ માટે કોઈ અલગ ચાર્જ આપવામાં આવશે નહી.
13. જો કોન્ટ્રાકટર નિયત સમયે અને સ્થળે ચા નાસ્તો કે જમવાનું આપવામાં નિષ્ફળ જશે તો અને તેમના માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે તો તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. અને તે માટે થયેલ તમામ ખર્ચ તેઓએ આપવાનું રહેશે.
14. દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત થનાર તમામ કાર્યક્રમોમાં તેમજ જીસીઈઆરટી દ્વારા સૂચવવામાં આવે તે કાર્યક્રમોમાં ટેન્ડર મુજબના ભાવે સેવાઓ આપવાની રહેશે.

15. રસોઈમાં નિરીક્ષણ દરમિયાન ગુણવત્તા અંગે ફરિયાદ જોવા મળશે તો તરત જ તે બદલવી પડશે અને તે અંગે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.
16. રસોઈયા તેમજ પીરસનાર વ્યકિતઓએ કામગીરી શરૂ કરતી વખતે હાથ સ્વચ્છ પાણી અને સાબુથી ધોવાના રહેશે.તેઓએ શિક્ષકો અને બાળકો સાથે વિનયયુકત વ્યવહાર કરવાનો રહેશે. કોઈજાતનો વિવાદ કરવાનો નથી. જરૂર જણાય તો દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમના કર્મચારીઓનો સંપર્ક કરી રજૂઆત કરવાની રહેશે.
17. રસોઈ બનાવવાના સ્થળે તેમજ જમવાના સ્થળે પીવાના શુદ્ધ ઠંડા મીનરલ પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને હાથ ધોવાના પાણીની વ્યવસ્થા આપવાની રહેશે. રસોઈ બનાવવામાં પણ મીનરલ પાણીનો ઉપયોગ કરવાનો રહેશે.
18. ભોજનના કે નાસ્તાના કારણે જમનારાઓના સ્વાસ્થ્યને અસર થાય, ઝાડા ઉલટી જેવા પ્રસંગો ઉભા થાય, ફૂડ પોઈઝનીગ થાય તો તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે થનાર તમામ ખર્ચ અને કાનૂની જવાબદારી ઉપાડવાની રહેશે.
19. નાસ્તો તેમજ જમવાનું તાજુ બનાવેલું આપવાનું રહેશે. કોઈ સંજોગોમાં ખૂટે તો બહારથી બીન આરોગ્યપ્રદ નાસ્તો કે જમવાનું લાવી શકાશે નહી.
20. નિરીક્ષણ કરનાર કર્મચારીઓ નિરીક્ષણ દરમિયાન કોન્ટ્રાકટરને તેમના પ્રતિનિધિને અથવા તેમની ગેરહાજરીમાં રસોઈ બનાવનાર વ્યકિતને જે લેખિત અથવા મૌખિક સૂચના આપે તે નિયમાનુસારની ગણાશે અને તે અંગે જરૂરી ખુલાસા તેમજ પૂર્તતા કે સૂચનાના અમલ બાબતે કરેલ કામગીરી અંગે પ્રોજેકટ ઓફીસરને જાણકારી આપવાની રહેશે.

**વિશેષ શરતો**

1. શરતોના પાલનમાં ચૂક કરવામાં આવશે, સોંપાયેલ કામગીરીનો અસ્વીકાર કરવામાં આવશે કે બેદરકારી જોવા મળશે તો કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કરારનો અંત લાવવાનો જીસીઈઆરટીને અધિકાર રહેશે. તેમજ સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
2. નિવાસ તેમજ ભોજન વ્યવસ્થાનું બીલ માસિક ધોરણે આપવામાં આવશે, સરકારી ધારાધોરણ મુજબ ટીડીએસની કપાત થયા બાદની રકમ મળી શકશે.દર માસે બીલ રજૂ કરવાની જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. તેમના દ્વારા બીલ રજૂ થયા બાદ જ ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વિલંબિત ચૂકવણી માટે કોઈ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી. બીલની ચૂકવણી ગ્રાન્ટની ઉપલબ્ધતાના આધારે થશે.
3. આપવામાં આવેલી નિવાસ, નાસ્તા કે ભોજનની વ્યવસ્થા કોઈ દિવસ કે ટાઈમની બરાબર નહી હોય તે દિવસ કે ટાઈમનું બીલ ન ચૂકવવાનું નિરીક્ષણ કરનાર અધિકારી ઠરાવી શકશે. અને એ બીલની રકમ ચૂકવવામાં આવશે નહી.
4. ટેન્ડર ખોલવા માટેની તારીખ નક્કી થયેથી માત્ર ટેલીફોનિક જાણ કરવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર પાર્ટી હાજર હોય કે ન હોય જે નિર્ણય લેવામાં આવે તે બંધનકર્તા રહેશે.
5. કોઈ જાતનું કારણ દર્શાવ્યા સિવાય કોઈ પણ ટેન્ડર અથવા તમામ ટેન્ડર નામંજૂર કરવાનો અધિકાર જીસીઈઆરટીને રહેશે.
6. ટેન્ડર ખોલતી વખતે હાજર રહેલા ટેન્ડર સમિતિના સભ્યોને ટેન્ડરના અતાર્કિક લાગે તેવા નિમ્ન અથવા વધારે ભાવો નામંજૂર કરવાની સત્તા રહેશે.
7. જે સંસ્થા કે વ્યકિત આ ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી માટે કોઈ સરકારી કચેરી દ્વારા બ્લેકલીસ્ટમાં મૂકવામાં આવી હોય અથવા ટેન્ડર મંજૂર થયા બાદ કામગીરી પૂરી ન કરી હોય, પૂરતી સેવા ન આપી હોય તે આ ટેન્ડર ભરી શકશે નહી.
8. ટેન્ડર ભરનારે ટેન્ડર ફી, સીકયોરીટી ડીપોઝીટ, નોંધણીનાં પ્રમાણપત્રો, ટેકનીકલ બીડનું ફોર્મ વગેરે સીલબંધ કવરમાં ટેન્ડર ભરવાના છેલ્લા દિવસ સુધીમાં નિયામકશ્રી, જીસીઈઆરટી, વિદ્યાભવન, સેકટર–૧૨, ગાંધીનગર એ સરનામે મોકલી આપવાનાં રહેશે. જેમાં આ શરતો લખેલ ભાગની પ્રિન્ટ લઈ તેના દરેક પાના ઉપર સહી કરી તે પત્રો બીડવાના રહેશે. સીલબંધ કવર ઉપર "નિવાસ અને ભોજન વ્યવસ્થા માટેનું ટેન્ડર" તેમ લખવાનું રહેશે. ટેકનીકલ બીડનું ફોર્મ તેમજ ભરનારનું નામ, સરનામુ અને ટેલીફોન નંબર સ્પષ્ટ રીતે જણાવવાના રહેશે.
9. બીડરની કામગીરી સારી જણાશે અને જીસીઈઆરટી ઈચ્છશે તો ટેન્ડરની અવધી પૂરી થયા બાદ નવા ટેન્ડરની કામગીરી પૂરી થઈ ન હોય તેવા સંજોગોમાં મુદત વધુમાં વધુ એક વર્ષ સુધી લંબાવી શકશે.
10. જે બીડરનું ટેન્ડર મંજૂર કરવામાં આવે તેણે ટેન્ડરની શરતો મુજબનું કરારનામું સ્વખર્ચે ૧૦૦ રૂપિયાનાસ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ કરાવીને રજૂ કરવું પડશે.
11. કોઈપણ વિવાદમાં ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

ઉપરની તમામ શરતો અમને કબૂલ મંજૂર છે અને તેના પાલન માટે અમે બંધાઈએ છીએ.

ટેન્ડર ભરનાર વ્યકિત કે સંસ્થા/કંપનીનું નામ સરનામુ
અધિકૃત વ્યકિતનું નામ અને સહી સિકકા

# જીસીઈઆરટી,ગાંધીનગર

દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમમાં આવનાર શિક્ષકો, તજ્જ્ઞો અને વિદ્યાર્થીઓ માટે નિવાસ વ્યવસ્થા અંગેનું ટેકનીકલ બીડનું ફોર્મ

(ટેકનીકલ બીડ)

નિવાસ વ્યવસ્થા આપનાર સંસ્થાએ ભરવાનું ચેક લીસ્ટ (આ ચેક લીસ્ટની એક કોપી અલગ ખુલ્લાકવરમાં પણ આપવી.)

| ક્રમ | વ્યવસ્થાની વિગત | સંસ્થા પાસેની સવલત | ચકાસણી કરનાર ટીમનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | નિવાસ વ્યવસ્થા ગાંધીનગર શહેરમાં છે કે આસપાસના વિસ્તારમાં? (અંતર બતાવવું) | | |
| ૨ | કેવી જગ્યામાં નિવાસ આપવા માગે છે? ( રહેઠાણના હેતુથી બનાવેલ, કોમર્શિયલ હેતુથી બનાવેલ કે અન્ય) | | |
| ૩ | સંસ્થા પાસે રૂમોની સંખ્યા, એ પૈકી કેટલા રૂમો ફાળવવામાં આવશે? | | |
| ૪ | ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ વ્યવસ્થા છે કે કેમ? | | |
| ૫ | ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ બાથરૂમ અને સંડાસની સુવિધા છે કે કેમ? | | |
| ૬ | ભાઈઓ માટેના બાથરૂમ અને સંડાસની સંખ્યા | | |
| ૭ | બહેનો માટેના બાથરૂમ અને સંડાસની સંખ્યા | | |
| ૮ | દરેકને સ્વતંત્ર  પલંગ અને પથારી આપી શકાશે કે કેમ? | | |
| ૯ | પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા છે? (કેવા પ્રકારની) | | |
| ૧૦ | સંસ્થા પાસે દરેક વિદ્યાર્થી અને શિક્ષક માટે ગાદલાં, ચાદર, ઓશીકાં તેમજ ઋતુ અનુસાર ઓઢવાનું આપી શકાય તેવી સવલત છે? | | |
| ૧૧ | જમવા બેસવા માટે પૂરતી મોકળાશ ધરાવતો હોલ છે? | | |
| ૧૨ | રસોઈ બનાવવા માટે રસોડું છે? | | |
| ૧૩ | નિવાસ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને લઈને આવતી એસ.ટી બસની પાર્કીગની નિશુલ્ક સુવિધા મળી શકે તેમ છે? | | |
| ૧૪ | નિવાસની જગ્યાએ આસપાસ વિદ્યાર્થીઓ હરીફરી શકે તેવું કેમ્પસ છે? | | |
| ૧૫ | નિવાસ વ્યવસ્થાના સ્થળે સિકયોરિટી ગાર્ડની વ્યવસ્થા છે? | | |

આ ચેકલીસ્ટની તમામ વિગતો સાચી છે અને ચકાસણી માટે કોઈ ટીમ આવે તો તેને સવલત બતાવવામાં આવશે, જો કોઈ સવલતમાં અધૂરાશ હશે તો નિવાસનું ટેન્ડર મંજૂર થતાંની સાથે તે પૂર્ણ કરી તેનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

જે સ્થળે નિવાસ વ્યવસ્થા આપવાની છે, તે સ્થળનું નામ સરનામુ

સ્થળ ચકાસણી માટે જેનો સંપર્ક કરવાનો છે તે વ્યકિતનો નામ અને સંપર્ક નંબર :

ટેન્ડર ભરનાર વ્યકિત કે સંસ્થા/કંપનીનું નામ

અધિકૃત વ્યકિતનું નામ અને સહી સિકકા

# GCERT,Gandinagar

## A tender to provide accomodation facility, tea, breakfast and meal at one place.

No.:

Tender fee ; Rs. 1500/- Non- refundable

Signature of authorised person

### Rent for accomodation

| No | Perticular | Rent of a day |
|---|---|---|
| 1 | To provide accomodation for about 50 to 100 persons per day. | |

### Rates for Breakfast & Meal

| No | Particular | Price per Person. |
|---|---|---|
| 1 | Tea & breakefast<br>Tea/ coffee/ milk about 100mg<br>frash breakfast (such as gota, vada,ganthiya, thepla etc. with sambhar, onion or chilly) | |
| 2 | Lunch<br>sweet, farsan, roti, vegitable sabji, kathol, dal, rice, salad, buttermilk etc. | |
| 3 | Dinner<br>Bhakhari vegitable sabji, khichdi, kadhi, salad etc | |
| 4 | A packet of biscuit of branded compony about 80 Gms. (per person) | |
| Total ( total price for a day per person) | | |
| 5 | Tea or coffee about 100 mg of a cup.(at Bisag only for teachers | |

(૧) આથી પ્રમાણિત કરું છું કે અમારી પાસે ટેન્ડરની શરતો મુજબ નિવાસ વ્યવસ્થા પૂરી પાડવાની પૂરી ક્ષમતા છે. આ ટેન્ડરમાં ભરેલા ભાવો મુજબ સમગ્ર વર્ષ દરમિયાન વ્યવસ્થા આપવાની અમારી તૈયારી છે. ટેન્ડર ફોર્મની સાથે ચેક લીસ્ટ સામેલ છે. જેની ચકાસણી જીસીઈઆરટી દ્વારા અધિકૃત કરાયેલ વ્યકિતઓ કરી શકશે, જો વ્યવસ્થા બરાબર ન હોય તો અમારું ટેન્ડર ફોર્મ ખોલ્યા સિવાય અસ્વીકાર થવાને પાત્ર થશે, અથવા ઓછન ભાવ હોવા છતાં સ્વીકાર થશે નહી, જે અમને મંજૂર છે.

(૨) આથી પ્રમાણિત કરું છું કે અમારી પાસે ટેન્ડરની શરતો મુજબ ચા નાસ્તો તેમજ ભોજન પુરુ પાડવાની પૂરી ક્ષમતા છે. આ ટેન્ડરમાં ભરેલા ભાવો મુજબ સમગ્ર વર્ષ દરમિયાન વ્યવસ્થા આપવાની અમારી તૈયારી છે

# જીસીઈઆરટી,ગાંધીનગર

હું ................ તે ચેરમેન/મેનેજિંગ ટ્રસ્ટી, ..........., ........... જીસીઈઆરટી,ગાંધીનગરના દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમમાં આવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ટેન્ડરમાં દર્શાવેલ શરતો તેમજ અહીં દર્શાવેલ શરતોને આધીન ચા નાસ્તો અને ભોજન પૂરાં પાડવા બંધાઉં છું.

કોન્ટ્રાકટ સ્વીકારનાર વ્યકિત કે સંસ્થા/કંપનીનું નામ સરનામુ

અધિકૃત વ્યકિતનું નામ અને સહી સિકકા